જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૭/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૬ કેસ કરી, ૧૩૦ વ્યક્તિઓને ઝડપી, ૪૯૦ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૭૮બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૦૮/૨૦૨૫**

રાણીપઃ ઘનશ્યામભાઈ વિષ્ણુભાઈ પટેલ (રહે. ગુરુકમલ સોસાયટી લીલીવાડી ચાણસ્મા હાઈ–વે પાટણ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ થી તા.૨૧/૦૭/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ ભક્તિનગર સોસાયટી વિભાગ–૧ રામજીમંદિર રોડ ખાતે પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના કિમત રૂપિયા ૯,૬૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯,૮૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૦૯/૨૦૨૫**

ચાંદખેડાઃ ગુરવિન્દરસિંઘ દેવેન્દ્રસિંઘ ભગતાના (ઉ.વ.૩૫) (રહે. શ્રીજી વિલા મણીલાલ પાર્ટી પ્લોટ પાસે તપોવન સર્કલ મોટેરા) એ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગુરવિન્દરસિંઘ ભગતાના નાઓ મોટેરા જડી મોલની પાછળ વિઠ્ઠલ એક્ઝોટીકા ખાતે અમન એન્ટરપ્રાઈઝ નામની ઓફીસ ધરાવી હેવમોર આઇસ્ક્રીમનો ધંધો કરતા હોય, જેમાં મેનેજર તરીકે નોકરી કરતા જોધાવરસિંહ કિશનસિંહ રાવત (રહે. ગણેશનગર ગલી નંબર–૧ વિસત પેટ્રોલપંપ પાછળ નર્સરી મોટેરા) નાઓ તા.૦૩/૦૭/૨૦૨૫ થી તા.૧૦/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ઓફિસના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૭૫,૦૦૦/– ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૦૧૦/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ જસીબહેન વા/ઓ ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. સન સીમ્પોલો નીલકંઠ વીલા પાસે બોપલ) તા.૨૧/૦૭/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે થલતેજ ચાર રસ્તાની બાજુમાં આવેલ અમુલ પાર્લરથી ગુરુદ્વારા ચાર રસ્તા તરફ જતા સર્વિસ રસ્તેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ જસીબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જસીબહેન પટેલ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

રામોલઃ અર્ચનાબહેન કમલેશભાઇ રાજપુત (ઉ.વ.૨૬) (રહે. વર્જભુમી પાર્ક માધવ હોમ્સ વિનાયક પાર્ક સોસાયટી પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૫ સવારના ૬/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

કાગડાપીઠઃ બિમલાબહેન મનિષભાઇ કોષ્ટી (ઉ.વ.૩૭) (રહે. ઇબ્રાહીમ સૈયદનાં છાપરાં બળદેવનગર સામે ગીતામંદિર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી